### તાલુકા રાજકારણમાં કોન્ટ્રાક્ટરોનો પ્રભાવ, અંજેશ પટેલ પરિવારનું નામ ચર્ચામાં

# ચાંદોદ જિલ્લા પંચાયત બેઠક પર ઉમેદવારોનો રાફડો: ભાજપમાં ટિકિટ માટે 15 જેટલી મહિલાઓ મેદાને

**સામાન્ય** મહિલા બેઠક જાહેર થતા સ્થાનિક સામે 'આયાતી' ઉમેદવારોની લોબીંગ તેજ, રાજકારણ ગરમાયું



(પ્રતિનિધિ) ડભોઇ, તા.3
વડોદરા જિલ્લા પંચાયતની ડભોઇ તાલુકાની ચાંદોદ બેઠક સામાન્ય મહિલા માટે અનામત જાહેર થતા રાજકીય ગરમાવો વધી ગયો છે. ભાજપ તરફથી ઉમેદવારી મેળવવા માટે સેન્સ પ્રક્રિયામાં અંદાજે 15 જેટલી મહિલા આગેવાનો અને કાર્યકર્તાઓએ દાવેદારી નોંધાવી હોવાનું જાણવા મળ્યું છે. બેઠક સલામત માનવામાં આવતી હોવાના કારણે સ્થાનિક તેમજ બહારથી આવેલા 'આયાતી' ઉમેદવારો વચ્ચે જોરદાર લોબીંગ શરૂ થઈ છે.

સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે આ વખતે ચાંદોદ બેઠક પર ઉમેદવારી માટે ખરાખરીની ટક્કર જોવા મળશે.

ડભોઈ તાલુકાના રાજકારણમાં કોન્ટ્રાક્ટરોની અસરકારક ભૂમિકા હોવાનું લાંબા સમયથી ચર્ચાતું રહ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ તાલુકા પંચાયતના કેટલાક કોન્ટ્રાક્ટરો વચ્ચે જિલ્લા પંચાયતની બેઠકોને લઈને પરસ્પર સમજૂતીના સંકેતો પણ જોવા મળી રહ્યા છે.

ચાંદોદ બેઠક માટે તાલુકા પંચાયતના કોન્ટ્રાક્ટર અંજેશ પટેલ પોતાની પત્નીને ઉમેદવાર તરીકે ઉતારવાની તૈયારીમાં હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. અત્રે નોંધનીય છે કે ચાંદોદ વિસ્તારમાં પંચાયતના વિકાસ કામોને લઈને અંજેશ પટેલનું પ્રભાવશાળી સ્થાન માનવામાં આવે છે. જોકે, કેટલાક કામોને લઈને સ્થાનિક સ્તરે વિવાદ પણ સર્જાયો હોવાનું જાણવા મળે છે.

### સ્થાનિક સામે 'આયાતી' ઉમેદવારોની ટક્કરથી ચૂંટણીમાં વધ્યો રસ

ચાંદોદ જિલ્લા પંચાયત બેઠક પર અગાઉથી જ કોન્ટ્રાક્ટર લોબીનો પ્રભાવ રહ્યો હોવાનું માનવામાં આવે છે. આ વખતે સ્થાનિક મહિલા દાવેદારો મોટી સંખ્યામાં આગળ આવતા રાજકારણ વધુ રસપ્રદ બન્યું છે.

આધારભૂત સૂત્રો મુજબ બેઠક માટે અનેક મહિલા ઉમેદવારો–જેમા તાલુકા અને ગ્રામ સ્તરની આગેવાનો, કાર્યકર્તાઓ તેમજ સંગઠન સાથે જોડાયેલા નામો–સેન્સ પ્રક્રિયામાં સામેલ થયા છે. સ્થાનિક અને આયાતી ઉમેદવારો વચ્ચે ચાલી રહેલી લોબીંગમાં અંતે પાર્ટી કોને તક આપે છે તે રાજકીય રીતે મહત્વપૂર્ણ રહેશે.

ચાંદોદ બેઠક પર આ વખતે ખરાખરીનો રાજકીય જંગ જામવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### દાવેદાર મહિલાઓ

૧. વૈશાલીબા કરણરાજસિંહ - સાગડોદ, ૨. દિપ્તીબેન મેહુલકુમાર સોની, ૩. લતાબેન રાકેશકુમાર, ૪. નિશાબેન જ્યેન્દ્રકુમાર પટેલ, ૫. ચેતના અન્જેશભાઈ પટેલ, ૬. વંદનાબેન કિરપાલ સિંહ રણા, ૭. અલ્પાબેન પ્રદિપસિંહ રણા, ૮. અંકિતાબેન અલ્પેશ માછી, ૯. પન્નાબેન કિરીટસિંહ રણા, ૧૦. દક્ષાબેન હરેશભાઈ બારીયા, ૧૧. પટેલ રંજનબેન સુભાષચંદ્ર, ૧૨. જયશ્રી જશવંતસિંહ, ૧૩. સુમિત્રાબેન અલ્પેશસિંહ પાંજરોલિયા, ૧૪. તારાબેન અશોકભાઈ સોલંકી, ૧૫. અંકિતાબેન વીરપાળ સિંહ

### હનુમાન જયંતિ પર્વની ઉજવણી ભક્તો દ્વારા કરવામાં આવી

હાલોલ : ચૈત્રી પૂનમ એટલે મર્યાદા પુરષોતમ ભગવાન શ્રી રામ ના પરમ ભક્ત શ્રી હનુમાનજી (મારુતિ નંદન) નો જન્મદિવસ, આ પાવન દિને સમગ્ર દેશમાં હનુમાન જયંતિ પર્વ ની ઉજવણી તેમના ભક્તો દ્વારા કરવામાં આવે છે. જે અંતર્ગત હાલોલ નગર ના કંજરી રોડ સ્થિત શ્રી ભીડભંજન હનુમાનજી મંદિર ખાતે તેમજ નગરની બહાર બીલીયાપુરા ખાતે આવેલ શ્રી બાલા ભોલા હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતિ પર્વ ની ઉજવણી પ્રતિ વર્ષ ની આજે પણ રંગે ચંગે ઉજવામાં આવી હતી. પર્વ ને લઈ છેલ્લા ઘણા દિવસ થી હાલોલ સહીત તાલુકામાં આવેલ હનુમાનજી મંદિર ખાતે તડામાર તૈયારી ઓ ચાલી રહી હતી. દરેક મંદિર માં ભજન કીર્તન સહીત ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

### નગરપાલિકાની પ્રથમ વખત ચૂંટણી યોજાશે

# વાઘોડિયામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કુલ 48 બેઠકો માટે ભાજપના 207 કાર્યકરોએ દાવેદારી નોંધાવી

**ભાજપના** મેન્ડેટ બાદ ચિત્ર થશે સ્પષ્ટ

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.3
વડોદરા જિલ્લા પંચાયત, વાઘોડીયા તાલુકા પંચાયત અને પ્રથમ વખત યોજાનાર વાઘોડિયા નગર પાલિકાની 26 એપ્રિલના રોજ ચૂંટણીઓ યોજાશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને પગલે વડોદરા વંદે કમલમમાં અંતિમ સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ હતી.

વાઘોડિયા તાલુકા પંચાયતની 20 બેઠકો 113, જિલ્લા પંચાયતની 4 બેઠકો માટે 30 અને નગર પાલિકાની પ્રથમ વખત યોજાનાર ચૂંટણીમાં 24 બેઠકો માટે 64 કાર્યકરોએ દાવેદારી નોંધાવી હતી. મોડી રાત સુધી આ પ્રક્રિયા ચાલી હતી. ઉલ્લેખનિય છે કે, વંદે કમલમ ખાતે મોટી સંખ્યામાં દાવેદારો પોતાના બાયોડેટા લઈને પોત પોતાના સમર્થકો સાથે પહોચ્યાં હતાં. સેન્સ લેવાની પ્રક્રિયા બાદ નિરીક્ષકોની ટીમે ૩ પેનલ બનાવીને દાવેદારોના નામ પ્રદેશમાં મોકલી આપશે.

ત્યારબાદ પ્રદેશ દ્વારા બેઠક મુજબ ઉમેદવારોનું લીસ્ટ જાહેર કરતા જ ચૂંટણી પ્રચારનો ધમધમાટ ચાલુ થઈ જશે. જોકે ચૂંટણી લડવા માટે તીવ્ર ઈચ્છા ધરાવતા ભાજપના જ કાર્યકરો વચ્ચે ચાલતી હરિફાઈ થી કેટલાક કાર્યકરો નારાજ થઈ પક્ષ વિરોધી કામગીરી કરશે તેવી ચર્ચા નગરમાં ચર્ચાઈ રહી છે. હાલ ભાજપના કડક નિયમોને કારણે કેટલાક જૂના જોગીઓના પત્તા આપમેળેજ કપાઈ ચૂક્યા છે. સંગઠનની જવાબદારી બિન અનુભવી નવા કાર્યકરોના માથે છે. તેવામાં ભાજપના વફાદાર નારાજ જુનાજોગીઓ કાપતા બળવાના એંધાણ કરશે કે ઘી ના ઠામ માં ઘી સમાસે તે તો ભાજપને મેન્ડેટ બાદ ચિત્ર સ્પષ્ટ થશે.

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર ખાતે મારુતિ યાગ યોજવામાં આવ્યો



**પાદરા :** પાદરામાં સમસ્ત નવાપુરા યુવક મંડળ ની ટીમ દ્વારા પુનીત ચોક વિસ્તારમાં આવેલ શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર ખાતે યોજાયેલ મારુતિ યાગ ની ગત મોડી સાંજ ના પુર્ણાહુતી થવા પામી હતી. દરમ્યાન સારંગપુર મંદિર જેવો માહોલ છવાયો હતો. અને મોટી સંખ્યામાં માનવ મેહરામણ ઉમટી પડ્યો હતો. અને મહા આરતી થવા પામી હતી. જેમાં સૌ ભક્તોએ દર્શન નો લાભ લઇ ધન્યતા અનુભવી હતી. જેમાં મોડી સાંજના પાદરા ના સંતરામ મંદિરના મહંત મોહનદાસજી મહારાજ, રંગ પરિવાર ના ઉપેન્દ્ર ભટ્ટ, પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા, ઉદ્યોગપતિ હિતેશ પટેલ મારુતિ સિરામિકવાળા, પાદરા પી.આઇ. વિજય ચારણ, પાદરા ના દાનવીરસેઠ પરિવારના મુકેશભાઈ શ્રોફ, પુનીત મીલ ના અરવિંદભાઈ ઠક્કર, ચોકસી મહાજન મંડળ ના પ્રમુખ સૂર્યકાંત ચોકસી, પાદરા કાછીયા પટેલ પ્રગતિ મંડળના પ્રમુખ દિનેશભાઈ ગાંધી, પાદરાનગરપાલિકા માજી પ્રમુખ પરેશ ગાંધી, સદસ્ય બ્રિજેશ પટેલ તથા વેપારી ઘનશ્યામભાઈ ઠક્કર, વિનોદ ગાંધી સહીત મોટી સંખ્યામાં દાદાના ભક્તો ઉપસ્થિત રહી મહાઆરતી કરી ધન્યતા અનુભવી હતી.

### રણાપુરમાં ચૈત્રી પૂનમનો ભવ્ય ઉત્સવ: કેસરિયા હનુમાન દાદાના જન્મોત્સવ અને લોકડાયરાની રમઝટ



**કરજણ :** કરજણ તાલુકાના રણાપુર ગામ, ચૈત્રી પૂનમની પાવનકારી સંધ્યાએ ભક્તિ અને ઉત્સાહના અનોખા સંગમનો સાક્ષી બન્યું. કેસરિયા હનુમાન દાદાના જન્મોત્સવ નિમિત્તે આયોજિત ભવ્ય ભંડારો અને લોકડાયરાએ સમગ્ર વાતાવરણને દિવ્યતા અને આનંદથી ભરી દીધું હતું. આ અવસરે ગામલોકો અને દૂરદૂરથી પધારેલા ભાવિક ભક્તોએ ધર્મ અને સંસ્કૃતિના આ પર્વને ઉત્સાહભેર ઉજવ્યો. સવારથી જ રણાપુર ગામમાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો. ભાવિક ભક્તોએ પવિત્ર નર્મદા નદીમાં સ્નાન કરીને પોતાની જાતને પાવન કરી હતી. માં નર્મદાના શીતળ જળમાં ડૂબકી લગાવીને ભક્તોએ આધ્યાત્મિક શાંતિ અને ધન્યતાનો અનુભવ કર્યો. આ પવિત્ર સ્નાન બાદ, સૌ કોઈ કેસરિયા હનુમાન દાદાના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. દાદાના મંદિરમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું, જ્યાં આરતી, પૂજા અને ભજનોના ગાનથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. જન્મોત્સવના મુખ્ય આકર્ષણોમાંનો એક હતો ભવ્ય ભંડારો. દાદાના મહાપ્રસાદનો લાભ લેવા માટે ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી.

### નોબલ પબ્લિક સ્કૂલ 'સક્ષમ શાળા પુરસ્કારમાં જિલ્લા કક્ષાએ માધ્યમિક શ્રેણીમાં પ્રથમ સ્થાન સાથે ઝળકી





**ડભોઈ :** વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાની જાણીતી શૈક્ષણિક સંસ્થા 'નોબલ પબ્લિક સ્કૂલ ગુજરાતી માધ્યમ એ શિક્ષણ અને સુવિધાઓના ક્ષેત્રમાં વધુ એક સુવર્ણ સિદ્ધિ હાંસલ કરી છે.. યુનિસેફ અને સમગ્ર શિક્ષા અભિયાન વડોદરાના સંયુક્ત ઉપક્રમે આયોજિત વર્ષ ૨૦૨૪-૨૫ ના "સક્ષમ શાળા" કાર્યક્રમ અંતર્ગત શાળાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી વિવિધ કેટેગરીમાં પુરસ્કારો મેળવ્યા છે.શાળા દ્વારા મેળવવામાં આવેલ સિદ્ધિઓની વિગત મુજબ જિલ્લા કક્ષાએ પ્રથમ માધ્યમિક શ્રેણીમાં "બીહેવીઅર ચેન્જ એન્ડ કેપિસિટી બિલ્ડીંગ" સબ-કેટેગરીમાં જિલ્લા સ્તરે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે ઉપરાંત સમગ્ર ઓવરઓલ કેટેગરીમાં ડભોઈ તાલુકાની માધ્યમિક શ્રેણીમાં પણ શાળાએ પ્રથમ ક્રમાંક મેળવી મેદાન માર્યું છે.શાળા ની આ સિદ્ધિ પાછળના કારણો જોવા જઈએ તો યુનિસેફ દ્વારા નિર્ધારિત માપદંડો જેવા કે સ્વચ્છતા, હરિયાળી, પાણીની વ્યવસ્થા, શૌચાલયની સુવિધા, આરોગ્ય અને સલામતી તેમજ બાળકોના વર્તનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટેના પ્રયાસોમાં નોબલ પબ્લિક સ્કૂલ અવ્વલ રહી છે. શાળાના સંકુલમાં ઉપલબ્ધ આધુનિક સુવિધાઓ અને શૈક્ષણિક વાતાવરણને કારણે આ સન્માન એનાયત કરવામાં આવ્યું છે. આ ગૌરવશાળી પ્રસંગે શાળાના પ્રમુખશ્રી એ.એ. માધવાણી, કેમ્પસ ડાયરેક્ટર નયના જે. સોલંકી આચાર્ય પટેલ પરેશભાઈ, માયાવત નિલેશભાઈ એ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું.

# સત્ય વિજય હનુમાનજી મંદિર રામ ટેકરી ખાતે હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી

(પ્રતિનિધિ) હાલોલ, તા.3
મંદિર પરિસર 'જય શ્રીરામ' અને 'જય હનુમાન' ના ગગનભેદી નાદથી ગુંજી ઉઠ્યું પાવાગઢ રોડ પર આવેલા સુપ્રસિદ્ધ સત્ય વિજય હનુમાનજી મંદિર રામ ટેકરી ખાતે હનુમાન જયંતી (ચૈત્ર પૂર્ણિમા) ના પવિત્ર પર્વની શ્રદ્ધાભેર અને ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે લોક કલ્યાણના હેતુથી મંદિરમાં ભવ્ય મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ હનુમાનજીની અલૌકિક મૂર્તિના દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી પડી હતી. સમગ્ર મંદિર પરિસર 'જય શ્રીરામ' અને 'જય હનુમાન'ના ગગનભેદી નાદથી ગુંજી ઉઠ્યું હતું, જેનાથી વાતાવરણ સંપૂર્ણપણે ભક્તિમય બની ગયું હતું.

# દેલોલ કૂટેવાળ તળાવ સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ઊંડું કરવા ભારે વિરોધ



(પ્રતિનિધિ) કાલોલ, તા.3
કાલોલ તાલુકાના દેલોલ કૂટેવાળ ગામનું તળાવ જેનો સર્વે નં.૧૭૩૧ માં સુજલામ સુફલામ જળ અભિયાન જળ સંચય જન ભાગીદારી ૨.૦ અંતર્ગત ઊંડું કરવા ગામજનો નો ભારે વિરોધ કાર્યપાલક ઈજનેર પાનમ સિંચાઈ વિભાગ નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ સચિવાલય, ગાંધીનગરના પત્ર દ્વારા દેલોલ કૂટેવાળ ગામનું તળાવ સુજલામ સુફલામ જળ અભિયાન જળ સંચય જન ભાગીદારી ૨.૦ અંતર્ગત ઊંડુ કરી જળસંચયની કામગીરી એનાયત કરવા વર્ક ઓર્ડર ભરવાડ જગદીશભાઈ ભુરાભાઈ દેલોલ ગામના વતની નો શરતો ને આધીન વર્ક ઓર્ડર મંજુરી આપતા ઈટાચી મશીન અને ડમ્પરો દ્વારા માટી ખોદકામ કરતા ગામજનો ભારે વિરોધ સાથે મહિલા સહિત ગામના અનેક લોકોએ મોટી સંખ્યામાં વિરોધ નોંધાવ્યો જેમાં મહિલાઓ દ્વારા જણાવ્યું હતું કે ગામના બાળકો તળાવ મા નાહવા માટે જાયછે અને મહિલાઓ કપડાં ધોવા માટે જાયછે જેથી કોઈ બાળક અથવા મહિલા ડૂબી જશે તો જવાબદારી કોની રહેશે તેમ કહી વિરોધ નોંધાવ્યો હતો અને માટી ખોદકામ બંધ કરાવ્યું હતુ દર વર્ષે સરકાર દ્વારા સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ગામે ગામ તળાવો માંથી માટી ખોદકામ કરી ખેડૂતો તેમજ જાહેર રોડ રસ્તા લેવલિંગ ના નામે માટી નું ખનન કરવામાં આવે છે જેમાં સુજલામ સુફલામ જળ અભિયાન ના નામે હજારો ટન ફ્રી માં માટી ખનન કરવામાં આવે છે જેથી સરકારી વિભાગ ખાણ ખનીજ ની તિજોરી ને લાખો રૂપિયા નો ચૂનો ચોપડવામાં આવતો હોવાનું લોકોમાં ચર્ચાય રહ્યું છે.

### સાવલીના ગોઠડા ગામે મુસ્લિમ સમાજનો UCC કાયદાનો વિરોધ

સાવલી : વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ગોઠડા ગામે મુસ્લિમ સમાજ દ્વારા યુનિફોર્મ સિવિલ કોડ (UCC) કાયદાનો શાંતિપૂર્ણ વિરોધ નોંધાવવામાં આવ્યો. શુક્રવારની જુમ્માની નમાઝ બાદ સમાજના લોકોએ હાથ પર કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતુંતાજેતરમાં ગુજરાત સરકારે વિધાનસભામાં સમાન નાગરિક સંહિતા (UCC) કાયદો પસાર કર્યો હતો. આ કાયદાના વિરોધમાં ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ દ્વારા એક પત્ર લખીને શુક્રવારની નમાઝ બાદ શાંતિપૂર્ણ રીતે અસહમતી દર્શાવવા મુસ્લિમ સમાજને અપીલ કરવામાં આવી હતીઆ અપીલના અનુસંધાને, લઘુમતી વસ્તી ધરાવતા ગોઠડા ગામે જુમ્માની નમાઝ બાદ જમણા હાથે કાળી પટ્ટી ધારણ કરીને શાંતિપૂર્ણ માહોલમાં UCC કાયદાનો વિરોધ કરાયો.

# કરજણ નજીક માર્ગ અકસ્માતમાં યુવકનું કરુણ મૃત્યુ: અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ



(પ્રતિનિધિ) કરજણ, તા.3
કરજણ તાલુકાના દેથાણ ગામ પાસે નેશનલ હાઈવે નંબર 48 પર એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં ભાવનગરના એક યુવાનનું ઘટનાસ્થળે જ કરુણ મૃત્યુ થયું હતું. આ ઘટનાએ ફરી એકવાર હાઈવે પરની સુરક્ષા અને બેફામ વાહન ચાલકોના જોખમ પર ગંભીર પ્રશ્નાર્થ ઊભો કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભાવનગરના કુંભારવાડા, રામદેવ નગર શેરી નંબર 3 માં રહેતો 19 વર્ષીય પિયુષકુમાર મુકેશભાઈ રાઠોડ પોતાની GJ-06-DC-9694 નંબરની મોટરસાયકલ પર વડોદરાથી ભરૂચ તરફ જવાના ટેક પરથી પસાર થઈ રહ્યો હતો. દેથાણ ગામના પાટિયા પાસેથી રોડ ક્રોસ કરીને ભાથુજી હોટલ તરફ જઈ રહ્યો હતો ત્યારે કોઈ અજાણ્યા અને બેફામ વાહન ચાલકે તેને જોરદાર ટક્કર મારી હતી.

આ ગમખ્વાર અકસ્માતમાં પિયુષકુમારને માથાના ભાગે તેમજ છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાઓ એટલી ગંભીર હતી કે યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ દ્રશ્ય જોઈને આસપાસના લોકો પણ સ્તબ્ધ થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ કરજણ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે પંચનામું કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હાઈવે ઓથોરિટીની એમ્બ્યુલન્સ મારફતે મૃતક યુવકના દેહને કરજણ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. કરજણ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ ઘટનાએ ફરી એકવાર હાઈવે પર વાહન ચલાવતી વખતે સાવચેતી રાખવાની અને ટ્રાફિક નિયમોનું પાલન કરવાની અનિવાર્યતા પર ભાર મૂક્યો છે. બેફામ ડ્રાઈવિંગ અને બેદરકારી અનેક નિર્દોષ લોકોનો ભોગ લઈ રહી છે, ત્યારે આવા અકસ્માતોને રોકવા માટે કડક પગલાં લેવા અત્યંત જરૂરી છે. મૃતક યુવાનના પરિવાર પર આભ તૂટી પડ્યું છે, અને આ દુર્ઘટનાએ સમાજમાં શોક અને ચિંતાની લાગણી પ્રસરાવી છે.

# બોડેલીના નગરના આંગણે વૈષ્ણવ સમાજ દ્વારા દ્વિ દિવસીય મહામહોત્સવ યોજાશે



(પ્રતિનિધિ) બોડેલી, તા.3
શ્રી દ્વારકાધીશ પ્રભુની અસીમ કૃપા તેમજ શ્રી વલ્લભના આશીર્વાદથી શ્રી દ્વારકાધીશ મંદિર બોડેલીના 50માં વર્ષમાં મંગલ પ્રવેશ- પાટોત્સવ તેમજ અનંત વિભૂષિત જગદ્ગુરુ શ્રીમદ વલભાચાર્યજી શુદ્ધાદ્વૈત તૃતીય ગૃહાધીશ્વર કાંકરોલી નરેશ પરમ પૂજ્ય ગોસ્વામી 108 શ્રી ડૉ વાગીશકુમારજી મહારાજશ્રીની ષષ્ઠીપૂર્તિ મહોત્સવ અંતર્ગત બોડેલીના આંગણે બે દિવસના શ્રી પ્રભુના વિવિધ મનોરથો તેમજ પૂજ્ય શ્રી મહારાજશ્રીનો સત્કાર સમારોહ અને જગદ્ ગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી નો 549 મો પ્રાગટ્ય મહોત્સવ ઉજવવાનું ભવ્ય આયોજન બોડેલી વૈષ્ણવ સમાજ દ્વારા બોડેલી ખાતે કરવામાં આવ્યું છે ,જેમાં તૃતીય ગૃહાધીશ્વર કાંકરોલી નરેશ પરમ પૂજ્ય ગોસ્વામી 108 શ્રી ડૉ વાગીશકુમારજી મહારાજશ્રી, તૃતીય ગૃહ યુવરાજ પૂજ્ય શ્રી વેદાંતકુમારજી મહોદયશ્રી, પૂજ્યશ્રી સિદ્ધાંતકુમારજી મહોદયશ્રી તેમજ જનાના સરકારની પાવન નિશ્રામાં તારીખ 12/4/2026 ને રવિવારના રોજ શ્રી દ્વારકાધીશ પ્રભુના 56 ભોગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ 13/4/2026 ને સોમવારના રોજ પુષ્ટિમાર્ગના પ્રવર્તક જગદ્ ગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીનો 549 મો પ્રાગટ્ય મહોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવવાનુ આયોજન થયેલ છે. સર્વે વૈષ્ણવ ભાઈઓ બહેનો ભક્ત વાડીના હોલમાં ધોળપાઠ, કીર્તન કરશે તેમજ પૂજ્ય મહારાજશ્રીના વચનામૃત પણ થશે ત્યારબાદ જગદગુરુ શ્રી મહાપ્રભુજીની ભવ્ય શોભાયાત્રા ભક્ત વાડી ખાતેથી નીકળી બોડેલી નગરના રાજમાર્ગો પર ફરી શ્રી દ્વારકાધીશ મંદિર પહોંચશે જ્યાં રાજ દરબારના અતિ ભવ્ય, અલૌકિક મનોરથના દર્શનનો લાભ વૈષ્ણવોને પ્રાપ્ત થશે ત્યારબાદ સર્વે વૈષ્ણવો વૈષ્ણવવાડી ખાતે ભોજન પ્રસાદ લેશે.

### શ્રી ભગિની સેવા મંડળ કાલોલના સભ્યોનો મિલન સમારંભ કાર્યક્રમ યોજાયો

કાલોલ : શ્રી ભગિની સેવા મંડળ કાલોલ ના સભ્યો નો મિલન સમારંભ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં વિશાળ સંખ્યામાં બહેનો એ હાજરી આપી આ મિલન સમારંભમાં બહેનોને મંડળ દ્વારા રાખેલ સ્પર્ધાના વિજેતા બહેનોને સર્ટિફિકેટ, મેડલ અને ગિફ્ટ આપવામાં આવી અને ભાગ લેનારને બહેનોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા મંડળના મંત્રી દિપ્તીબેન પરીખને ઓલ ઈન્ડિયા વુમન કોન્ફરન્સ દિલ્હી ખાતે સોશિયલ ઈકોનોમિક કમિટીમાં નિમણૂક થવા બદલ મંડળે તેમનું સન્માન કર્યું આજના ગીફ્ટના દાતા દિપ્તીબેન દિનેશભાઈ શાહ ધ્વારા મંડળ ને આપવામાં આવી મંડળે દિપ્તીબેન નો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો.

# છોટાઉદેપુરમાં નરપાલિકાના વોટર વર્કસ પાસે ગેરકાયદે રેતી ખનનથી પાણીના સ્તર ઘટ્યા

**નગરજનોને** તરસ્યા રહેવાનો વારો



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.3
છોટાઉદેપુરમાં નગરપાલિકાના વારીગૃહ આસપાસ મોટા પ્રમાણમાં ગેરકાયદે રેતી ખનન કરવામાં આવતું હોવાથી પાણીનું સંકટ સર્જાયું છે. આ મામલે છોટાઉદેપુર નગરપાલિકાના ભાજપના સત્તાધીશોએ વિરોધ નોંધાવીને કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું

છોટાઉદેપુરમાં થતાં ગેરકાયદે ખનન મામલે વારંવાર રજૂઆત કરવા છતાં રેતી ખનનની પ્રવૃત્તિ બંધ ન થતાં નગરજનોમાં પાણીની મુશ્કેલી ઉભી થઈ છે. નગરના રંગપુર નાકા પાસે તથા ફતેપુરામાં નગરપાલિકાના પાણીના વોટર વર્કસ આવેલા છે, જેની આસપાસ ટ્રેક્ટરો મારફત મોટા પ્રમાણમાં રેતી ખનન થઈ રહ્યું છે. આમ, ખનનની પ્રવૃત્તિને પગલે વોટર વર્કસને નુકસાન થઈ રહ્યું છે અને પાણીના સ્તર નીચે જઈ રહ્યા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે.

બેફામ રેતી ખનન ના કારણે ઓરસંગ નદીમાં પાણી ના સ્તર ઘટતા નગરપાલિકાને હાફેશ્વર યોજનામાંથી વેચાતું પાણી લાવવાની ફરજ પડી રહી છે. જેમાં રૂ.70 લાખ જેટલા સરકારને ચૂકવવાના બાકી છે.



નગરપાલિકાના સત્તાધિશોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રેતી ખનન અટકાવવા માટે રજૂઆત કરી હતી.

# છોટાઉદેપુર તાલુકાના અછાલા ગામે ખુલ્લેઆમ ચાલતું ગેરકાયદેસર રેતી ખનન

**અછાલા** ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.3
છોટાઉદેપુર તાલુકાના અછાલા ગામમાંથી પસાર થતી નદીમાં ગેરકાયદેસર રીતે રેતી ખનન થતું હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. ગામલોકોના કહેવા મુજબ, કેટલાક રેતી માફિયા દ્વારા ટ્રેક્ટર મારફતે રાત-દિવસ બેધડક રીતે રેતી કાઢવામાં આવી રહી છે. સ્થાનિક રહેવાસી દિનેશભાઈ નાયકએ આક્ષેપ કર્યો છે કે જ્યારે તેમણે આ ગેરકાયદેસર પ્રવૃત્તિનો વિરોધ કર્યો, ત્યારે ટ્રેક્ટર ચાલકો દ્વારા તેમને ધમકીઓ આપવામાં આવી. "જો તમે અમને રોકશો તો તમને જાનથી મારી નાખીશું," તેવી ધમકી આપવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

વધુમાં, દિનેશભાઈએ જણાવ્યું કે રેતી ખનન માટે જતા ટ્રેક્ટરો તેમના ખેતરોમાંથી પસાર થાય છે, જેના કારણે પાકને નુકસાન પહોંચે છે તેમજ પાણીની લાઈનો પણ તૂટી જાય છે. આ મુદ્દે વારંવાર રજૂઆત કરવા છતાં જવાબદાર અધિકારીઓ કોઈ પગલાં લેતા નથી તેવી પણ ફરિયાદ કરવામાં આવી છે.

ટ્રેક્ટર ચાલકો દ્વારા "અમે અધિકારીઓને હપ્તો આપીએ છીએ અને તેમની મંજૂરીથી જ રેતી કાઢીએ છીએ" તેવી વાતો કરવામાં આવી હોવાનું પણ સ્થાનિકો જણાવી રહ્યા હતા.